દિવ્ય ભાસ્કર

# બસ કંડક્ટરના દીકરાએ 20,000 કરોડનું સામ્રાજ્ય ઊભું કર્યું: સુરતમાં 10 બાય 12ની ઓરડીમાં બાળપણ વીત્યું.

શ્વેતા સિંઘ | સુરત | 4 કલાક પહેલાં




સુરત એટલે હીરા અને કાપડનું શહેર, પણ આ ઓળખને બદલીને એક બસ કંડક્ટરના દીકરાએ સુરતના 'સૌથી ધનિક વ્યક્તિ'નું બિરુદ હાંસલ કર્યું છે. સુરતની ધરતી હંમેશા સાહસિકોની રહી છે. અહીં ગોવિંદ કાકા અને સવજી કાકા જેવા હીરાના વેપારીઓની સફળતાની વાતો ગલીએ ગલીએ ગુંજે છે. પરંતુ, અત્યારે સુરતના ઉદ્યોગ જગતમાં જે નામ સૌથી મોખરે અને ગર્વ ભેર લેવાઈ રહ્યું છે, તે ડાયમંડ કે ટેક્સટાઈલમાંથી નથી આવતું, પણ સૂર્યની ઉર્જામાંથી આવે છે. આ કહાની છે કેપી ગ્રુપના સ્થાપક અને ચેરમેન, ડૉ. ફારુક જી. પટેલની. એક એવા વ્યક્તિની જેણે ગરીબીને પોતાની મજબૂરી નહીં, પણ મજબૂતી બનાવી.

બસ કંડક્ટરના દીકરા એવા ડૉ. ફારુક જી. પટેલે પોતાનું બાળપણ સુરતમાં 10 બાય 12ની ઓરડીમાં વીતાવ્યું. મહિને 700 રૂપિયાના પગારથી નોકરી શરૂ કરનાર ડૉ. ફારૂકે 20,000 કરોડનું સામ્રાજ્ય ઉભું કર્યું. સાથે જ હુરુન ઈન્ડિયા 2025ના રિપોર્ટમાં સુરતના ટોપ-10 ધનિકમાં પ્રથમ સ્થાન હાંસિલ કરી એથર ઈન્ડસ્ટ્રીઝના અશ્વિનભાઈ દેસાઈ, સવજી ધોળકિયા અને ગોવિંદ કાકાની સાઈડ કાપી.

### ફારૂકભાઈના પિતા GSRTCમાં બસ કંડક્ટર હતા

કોઈપણ મોટી ઈમારતનો પાયો જમીનની અંદર દબાયેલો હોય છે, જે દેખાતો નથી પણ આખી ઈમારતનો ભાર ઝીલે છે. ફારુક પટેલના જીવનમાં આ પાયો એટલે તેમના પિતા, ગુલામભાઈ પટેલ. કહાનીની શરૂઆત ભરૂચ જિલ્લાના વાગરા તાલુકાના સલાદરા ગામથી થાય છે, જ્યાં 24 માર્ચ 1972ના રોજ ફારુક પટેલનો જન્મ થયો હતો, પરંતુ તેમનું ઘડતર સુરતની ધરતી પર થયું. તેમના પિતા ગુલામભાઈ ગુજરાત રાજ્ય પરિવહન નિગમ GSRTCમાં બસ કંડક્ટર તરીકે ફરજ બજાવતા હતા. એક કંડક્ટરની નોકરી એટલે આખો દિવસ ધૂળ, ધુમાડો અને મુસાફરોની ભીડ વચ્ચે રહેવું અને સાંજે થાકીને ઘરે આવવું. ત્યારે તેમનો પગાર નજીવો હતો.

### ફારુકભાઈ બે વર્ષના હતા, ત્યારે પિતાની બદલી અડાજણ ડેપોમાં થઈ

1974માં જ્યારે ફારુકભાઈ માત્ર બે વર્ષના હતા, ત્યારે તેમના પિતાની બદલી સુરતના અડાજણ ડેપોમાં થઈ. આ બદલી માત્ર સ્થળની નહોતી, પણ ભવિષ્યના એક ઉદ્યોગપતિના જીવનનો ટર્નિંગ પોઈન્ટ હતો. તે સમયે સુરતના અડાજણ વિસ્તારમાં ગુલામભાઈએ રહેવા માટે એક મકાન ભાડે રાખ્યું.



# ડૉ. ફારુક ગુલામભાઈ પટેલ

**સ્થાપક અને ચેરમેન, KP ગ્રુપ**

**જન્મ**- 24 માર્ચ, 1972

**સ્થળ**- સલાદરા ગામ, તાલુકો- વાગરા, જિલ્લો ભરૂચ

**પિતા**- GSRTCમાં બસ કંડક્ટર હતા.

**અભ્યાસ**- ધોરણ- 12 સુધી

## ₹700થી ₹20,000 કરોડના એમ્પાયર સુધીની સફર

- ચશ્માની દુકાને ફ્રીમાં કામ કર્યું અને રિક્ષા ચલાવી.
- 'હાફેઝ બ્રધર્સ'માં મહિને ₹700ના પગારે નોકરી કરી.
- લોજિસ્ટિક્સ-કન્સ્ટ્રક્શન-મોબાઈલ કોમ્યુનિકેશનનો બિઝનેસ કર્યો.
- રિન્યુએબલ એનર્જીમાં કામ કરતા KP ગ્રુપમાં ₹20,000 કરોડનું એમ્પાયર

**20,000 કરોડના સામ્રાજ્યના માલિકનું બાળપણ 10 બાય 12ની ઓરડીમાં વીત્યું**

આ મકાન એટલે કોઈ બંગલો કે ફ્લેટ નહીં, પરંતુ માત્ર 10 બાય 12ની એક નાનકડી ઓરડી. કલ્પના કરો કે 10 ફૂટ લાંબી અને 12 ફૂટ પહોળી જગ્યામાં રસોડું પણ હોય, સામાન પણ હોય અને આખો પરિવાર પણ રહેતો હોય. આજે જે વ્યક્તિ 20,000 કરોડના સામ્રાજ્યનો માલિક છે, તેનું બાળપણ આ ચાર દીવાલો વચ્ચે વીત્યું હતું. પિતાનો માસિક પગાર તે સમયે માત્ર રૂ. 700 આસપાસ હતો. આ 700 રૂપિયામાં ઘરનું ભાડું ચૂકવવાનું, રાશન લાવવાનું અને બાળકના શિક્ષણનો ખર્ચ કાઢવાનો.

**'જીવનની ટિકિટ ખરીદવા મહેનતની કિંમત ચૂકવવી પડે'**

ગરીબી શું હોય છે અને પૈસાનો અભાવ માણસને કઈ રીતે લાચાર બનાવી શકે છે, તે ફારુક પટેલે બાળપણમાં જ ખૂબ નજીકથી જોયું હતું. ગુલામભાઈએ ભલે આર્થિક તંગી ભોગવી, પણ સંસ્કારોમાં ક્યારેય તંગી પડવા દીધી નહીં. બસની ટિકિટ ફાડતા પિતાએ પુત્રને શીખવ્યું હતું કે જીવનની ટિકિટ ખરીદવા માટે મહેનતની કિંમત ચૂકવવી પડે છે.

**સરકારી સ્કૂલમાં ભણતા ફારુક ભણવામાં તેજસ્વી હતા**

ગરીબી ઘણીવાર શિક્ષણમાં બાધારૂપ બનતી હોય છે. પિતાની આવક ઓછી હોવાથી ફારુક પટેલને શરૂઆતમાં સુરત મહાનગરપાલિકા સંચાલિત ભંડારી મોહલ્લા, કંબીવાડની સરકારી શાળામાં મૂકવામાં આવ્યા. સામાન્ય રીતે મ્યુનિસિપલ સ્કૂલો વિશે લોકોના મનમાં એક પૂર્વગ્રહ હોય છે, પણ હીરાની પરખ ઝવેરીને જ હોય છે. ફારુક ભણવામાં અત્યંત તેજસ્વી હતા. તેમની આંખોમાં એક અલગ જ ચમક હતી.




ફારુક પટેલે કારકિર્દીની શરૂઆતમાં ચશ્માંની દુકાને ફ્રીમાં કામ કર્યું હતું.

**શિક્ષિકાની માતાને સલાહ, સારી પ્રાઇવેટ સ્કૂલમાં ભણાવો**

સ્કૂલના એક શિક્ષિકા શાંતાબેન, આ ચમકને પારખી ગયા. તેમણે ફારુકભાઈની માતા રસીદાબેનને બોલાવીને કહ્યું, તમારો દીકરો સામાન્ય નથી, તે ખૂબ હોશિયાર છે. તેને આ સરકારી સ્કૂલમાં રાખવાને બદલે કોઈ સારી પ્રાઈવેટ સ્કૂલમાં ભણાવો, તે ઘણો આગળ વધશે.

**પરિવારે પ્રાઇવેટ સ્કૂલમાં એડમિશન લીધું**

એક મધ્યમવર્ગીય પરિવાર માટે સ્કૂલ બદલવી એટલે ખર્ચમાં વધારો. પણ માતા-પિતાએ પેટે પાટા બાંધીને પણ શિક્ષિકાની વાત માની અને ફારુકભાઈને 'શ્રીમતી વી.ડી. દેસાઈ વાડીવાલા સ્કૂલ'માં દાખલ કર્યા. ધોરણ 12 સુધીનો અભ્યાસ તેમણે અહીં જ પૂરો કર્યો. પરિવારને મદદ કરવાના ઉદ્દેશ્યથી ધોરણ-12 પછી તેમણે એક્સપોર્ટ-ઈમ્પોર્ટનું કામ શીખવા માટે મુંબઈની મુસાફરી શરૂ કરી. જોકે, તેમનું મન કંઈક મોટું કરવા તરફ હતું. તેથી તેમણે સુરતના કાપડ ઉદ્યોગમાં કામ શીખવાનું નક્કી કર્યું અને વર્ષ 1990માં મંત્રામાં ટ્રેનિંગ લીધી. તેમની કારકિર્દીની શરૂઆતમાં તેમણે ચશ્માની દુકાને ફ્રીમાં કામ કર્યું, કપડાની દુકાનમાં 700માં નોકરી કરી, અને જરૂર પડ્યે રિક્ષા પણ ચલાવી.




**મહિને 700 રૂપિયાની નોકરીથી શરૂઆત**

ડિગ્રીઓ મેળવ્યા પછી સીધી એસી કેબિન મળી જાય તેવું ફિલ્મોમાં બને છે, વાસ્તવિક જીવનમાં નહીં. ફારુક પટેલની પ્રોફેશનલ કરિયરની શરૂઆત પણ સંઘર્ષથી જ થઈ.એક સમયે જે પિતા 700 રૂપિયા કમાતા હતા, તે જ આંકડો ફારુકભાઈના જીવનમાં પણ આવ્યો. તેમણે પોતાની કારકિર્દીની શરૂઆત 'હાફેઝ બ્રધર્સ' નામની દુકાનમાં નોકરીથી કરી. ક્યારેક ચશ્માની દુકાનમાં તો ક્યારેક કાપડની દુકાનમાં કામ કર્યું. પગાર હતો, મહિને માત્ર 700 રૂપિયા.

**'દરેક કામ મોટું છે, વગર સ્ટ્રગલે કોઈ દિવસ ઉપર જવાતું નથી'**

વિચારો, એક યુવાન જેની આંખોમાં આસમાન આંબવાના સપના હોય, તે કાપડની દુકાનમાં ગ્રાહકોને કપડાં બતાવવાનું કામ કરતો હોય. પણ ફારુકભાઈ કહે છે કે, દરેક કામ મોટું છે. વગર સ્ટ્રગલે કોઈ દિવસ ઉપર જવાતું નથી. આ 700 રૂપિયાની નોકરીએ તેમને વેપારના પાયાના નિયમો શીખવ્યા. જેમ કે ગ્રાહક સાથે વાત કેવી રીતે કરવી, સમયનું પાલન કેવી રીતે કરવું અને મહેનતનું મૂલ્ય શું છે.




> આજે હું જ્યાં 20,000 કરોડના એમ્પાયર પર ઉભો છું, અને જ્યાંથી શરૂઆત કરી હતી તે 700 રૂપિયા. આ બે વચ્ચેનું અંતર બહુ મોટું છે. પણ જેટલું મોટું અંતર છે, એટલી જ મોટી મુશ્કેલીઓ મેં સહન કરી છે.
>
> **ડૉ. ફારુક પટેલ**
> સ્થાપક-ચેરમેન, KP ગ્રુપ

**લોજિસ્ટિક્સથી ગ્રીન એનર્જી સુધી દરેક બિઝનેસમાં ઉતાર-ચડાવ આવ્યા**

નોકરી કરવી એ મજબૂરી હતી, પણ નોકરિયાત બની રહેવું એ ફારુક પટેલનો સ્વભાવ નહોતો. તેમનામાં એક ઉદ્યોગપતિનો જીવ ધબકતો હતો. તેમણે ધીમે ધીમે નાની મૂડી એકઠી કરી અને વ્યવસાયમાં ઝંપલાવ્યું. સફર સીધી લીટીની નહોતી. તેમણે લોજિસ્ટિક્સ બિઝનેસમાં હાથ અજમાવ્યો. ત્યારબાદ કન્સ્ટ્રક્શન ક્ષેત્રે કામ કર્યું. મોબાઈલ કોમ્યુનિકેશન અને ટાવર સ્થાપવાના કામો કર્યાં. દરેક બિઝનેસમાં ઉતાર-ચડાવ આવ્યા, પણ તેઓ અટક્યા નહીં. આખરે તેમને સમજાયું કે ભવિષ્ય પરંપરાગત વ્યવસાયોમાં નહીં, પણ 'રિન્યુએબલ એનર્જીમાં છે અને જન્મ થયો KP Group (કેપી ગ્રુપ) નો.

**'સુરતમાં તો હીરા અને કાપડ જ ચાલે'**

તેમણે સૌર અને વિન્ડમાં ઝંપલાવ્યું. શરૂઆતમાં લોકોએ કહ્યું હશે કે સુરતમાં તો હીરા અને કાપડ ચાલે, આ વીજળી બનાવવાનું કામ કોણ કરશે? પણ ફારુકભાઈની દ્રષ્ટિ ગીધ જેવી હતી. તેઓ જાણતા હતા કે દુનિયા ગમે તેટલી બદલાય, સૂરજ ક્યારે આથમવાનો નથી અને પવન ફૂંકાવાનો બંધ નથી થવાનો.




ડો.ફારુક પટેલનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા પણ સન્માન થઈ ચૂક્યું છે.

**'પૃથ્વી આપણા બાળકોની છે'**

ફારુક પટેલ માત્ર પૈસા કમાવવા માટે ગ્રીન એનર્જીમાં નથી આવ્યા. તેમની પાસે એક ફિલોસોફી છે. તેઓ માને છે કે ગ્રીન એનર્જી જ

પૃથ્વીને બચાવી શકશે. તેમનો એક વિચાર ખૂબ જ ગહન છે. આ પૃથ્વી આપણને આપણા પૂર્વજો તરફથી વારસામાં નથી મળી, પણ આપણે આપણા બાળકો પાસેથી ઉધાર લીધી છે. અને ઉધાર લીધેલી વસ્તુ આપણે જેવી હતી તેવી જ અથવા તેનાથી સારી હાલતમાં પાછી આપવી પડે.

**'કેપી ગ્રુપ 'ગ્રીન હાઈડ્રોજન' પર પણ મોટા પાયે કામ કરી રહ્યું છે'**

કાર્બન એમિશન ઘટાડવું અને આવનારી પેઢીને શુદ્ધ હવા અને પર્યાવરણ આપવું એ તેમના જીવનનું મિશન બની ગયું છે. કેપી ગ્રુપ આજે માત્ર સોલર કે વિન્ડ પાવર જ નહીં, પણ ભવિષ્યના ઇંધણ ગણાતા 'ગ્રીન હાઈડ્રોજન' પર પણ મોટા પાયે કામ કરી રહ્યું છે.



ડો. ફારૂક પટેલની કંપની દ્વારા 15મી ઓગસ્ટની ઉજવણીમાં પણ કરવામાં આવે છે.

### કેપી ગ્રૂપ ક્યા બિઝનેસ કરે છે?

ડૉ. ફારુક જી.પટેલ દ્વારા 1994માં સ્થપાયેલું કેપી ગ્રૂપ, ગુજરાતમાં અત્યંત પ્રતિષ્ઠિત ઉદ્યોગ જૂથ બની ગયું છે. મૂળ રૂપે લૉજિસ્ટિક્સ કંપની તરીકે સ્થપાયેલા આ જૂથે છેલ્લા કેટલાક વર્ષોમાં વિવિધ ક્ષેત્રોમાં વિસ્તરણ કર્યું છે. વર્ષ 2030 સુધીમાં 10 ગીગાવોટ સુધીના લક્ષ્ય સાથે ગ્રુપ આગળ વધી રહ્યું છે. નાણાકીય વર્ષ 2024-25માં કંપનીનું ટર્ન ઓવર 3415 કરોડ રહ્યું હતું.

30 વર્ષથી વધુની સફળતા સાથે, KP ગ્રુપ હવે 35થી વધુ કંપનીઓ ધરાવે છે.છેલ્લા દાયકામાં, કેપી ગ્રુપે ફેબ્રિકેશન અને ગેલ્વેનાઇઝિંગ, રિન્યુએબલ એનર્જી (સૌર અને પવન) અને ટેલિકોમ ઇન્ફ્રાસ્ટ્રક્ચર જેવા ક્ષેત્રોમાં સ્ટ્રેટેજિક ડાયવર્સિફિકેશન દ્વારા નોંધપાત્ર વૃદ્ધિ કરી છે. જૂથની મુખ્ય સંસ્થાઓમાં કેપીઆઈ ગ્રીન એનર્જી લિમિટેડ (NSE-BSE લિસ્ટેડ), કેપી એનર્જી લિમિટેડ(NSE-BSE લિસ્ટેડ), કેપી ગ્રીન એન્જિનિયરિંગ લિમિટેડ(BSE લિસ્ટેડ) અને કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશનનો સમાવેશ થાય છે. રિન્યુએબલ એનર્જીમાં તેના વિસ્તરણ દ્વારા, KP ગ્રૂપ ભારતની ઔદ્યોગિક પ્રગતિ અને આર્થિક વૃદ્ધિમાં યોગદાન આપી રહ્યું છે.

સત્ય ડે
.com

## બસ કંડક્ટરના દીકરાએ ઉભું કર્યું સામ્રાજ્ય, સુરતના હીરા ઉદ્યોગકારોને પણ મૂક્યા પાછળ




### ફારુક પટેલ કેવી રીતે બન્યા સૌથી ધનિક

સુરત એટલે હીરા અને કાપડનો મજબૂત વ્યાપાર, પરંતુ આ બંને ક્ષેત્રથી દૂર રહીને પણ શહેરનું સૌથી આગળ વધેલુ નામ છે કે.પી.ગ્રુપના ફારુક પટેલ. આજે તેઓ સુરતના અગ્રણીઓમાં નંબર એક છે અને અનેક જૂના ઉદ્યોગકારોને પાછળ મૂકી ચૂક્યા છે. તેમની ગણતરી એવા વેપારીઓમાં થાય છે જેઓએ પરંપરા કરતાં અલગ માર્ગ પસંદ કરીને સફળતા મેળવવાની નવી ઓળખ આપી છે.

#### 700 રૂપિયા થી શરૂ થયેલી સફર આજે પહોંચે છે કરોડોના શિખરો સુધી

એક સમય એવો હતો જ્યારે ફારુક પટેલ માત્ર 700 રૂપિયાથી મજૂરીકામ કરતા અને ટ્રક ચલાવતા હતા. રોજિંદી મહેનત વચ્ચે ઉંચા સપના રાખીને તેમણે ધીમે ધીમે પોતાના પગ મજબૂત કર્યા. આજે આ જ વ્યક્તિ 20 હજાર કરોડની સંપત્તિ સાથે સુરતના સૌથી ધનિકોમાં પ્રથમ ક્રમે શામેલ છે. સફળતાની કથા કહે છે કે શરૂઆત નાની હોય તો પણ ઈરાદા મોટા હોય તો માર્ગ સ્વયં તૈયાર થાય છે.




#### સમયની સાથે બદલાતી દિશામાં પગલું

ફારુક પટેલે હીરા કે ટેક્સટાઈલ નહીં પરંતુ નવી દિશામાં કામ શરૂ કર્યું અને એનર્જી ક્ષેત્રમાં મોટા રોકાણ સાથે આગળ વધ્યા. હાલમાં કે.પી. ગ્રુપની ચાર કંપનીઓ શેરબજારમાં લિસ્ટેડ છે જ્યારે અન્ય અનેક પ્રોજેક્ટ પણ તેમની માલિકીમાં ચાલી રહ્યા છે. આ બધું એક નાનકડી ઓરડીથી શરૂ થયેલા જીવન અને બસ કંડક્ટરના ઘરના પુત્રના પ્રભાવી સંકલ્પનું પ્રતિબિંબ છે.



## મોટા ઉદ્યોગકારોને પાછળ મૂકતી કમાણી અને નવા યુગનું પ્રતીક

આજે ડાયમંડ સિટીના જાણીતાં હીરા ઉદ્યોગકારો પણ કમાણીમાં ફારુક પટેલથી પાછળ રહી ગયા છે. સવજીભાઈ ધોળકિયા થી લઈને ગોવિંદ ધોળકિયા અને અશ્વીન દેસાઈ જેવા નામો સુધી તેમણે સફળતાના ગ્રાફમાં નવી સરહદ રચી છે. ફારુક પટેલનો ઉદય માત્ર વ્યક્તિગત સફળતા નહીં પરંતુ નવા વિચારો અને જુસ્સાથી બનેલી અર્થવ્યવસ્થાની કથા પણ છે.